ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટયુટનો પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યૂનિકેશન (સીપીઆઈજેસી)નો પ્રથમ વાર્ષિકોત્સવ ન્યૂઝ-૧૮ નેટવર્કના ગ્રુપ કન્સલ્ટિંગ એડિટર ડૉ.બ્રજેશ કુમાર સિંહના મુખ્ય અતિથિપદે અને ઈન્ડિયન એક્સપ્રેસનાં અમદાવાદનાં તંત્રી લીના મિશ્રા તથા અભિયાન સામાહિકના તંત્રી તરુણ દત્તાણીના માનવંતા અતિથિપદે તેમજ સંસ્થાના સંચાલક ટ્રસ્ટ સરદાર વલ્લભ ભાઈ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી નિરાલી પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો.

સ્વાગત પ્રવચન ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું અને અધ્યાપક ડૉ. દેબોલિના દાસગુપ્તાએ શૈક્ષણિક અહેવાલ રજૂ કર્યો. મહિલા પ્રતિનિધિ વૈદેહી ભિંડેએ વર્ષભરની પ્રવૃત્તિ અંગેની ફિલ્મ રજૂ કરી હતી. નવી ઈન્સ્ટિટ્યૂટના મેગેઝિન 'અદ્વિકા'નું લોકાર્પણ પણ મહાનુભાવોના હસ્તે થયું હતું. યુનિવર્સિટીની સેમેસ્ટર-૧ ની પરીક્ષામાં પહેલાં દસ વિદ્યાર્થી આ ઈન્સ્ટિટ્યૂટનાં આવ્યાં હોવાથી મહાનુભાવોને હસ્તે તેમનું ટ્રોફી આપીને સન્માન કરાયું હતું.

વિવિધ સાંસ્કૃતિક અને ખેલકૂદની પ્રવૃત્તિ અંગે સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને પણ ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં. વિદ્યાર્થી પ્રતિનિધિ અક્ષય આચાર્યે આભાર દર્શન કર્યું હતું.

સમારંભમાં ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટોના સલાહકાર ડૉ. વિદ્યુત જોષી, કર્નલ (નિ.) ધર્મેન્દ્રસિંહ, એનઆઈ એમસીજેના ટ્રસ્ટી હરેશ ઠક્કર, મંતવ્ય ટીવી ટીવી ચેનલના ચેરમેન જીજ્ઞેશ પટેલ, અમેરિકી અખબાર ગુજરાત ટાઈમ્સના સલાહકાર તંત્રી દિગંત સોમપુરા, ભવન્સ-નડિયાદના સીઈઓ અને નિયામક એન. ભાસ્કરન, મીડિયા વિશ્વના ભીષ્મ પિતામહ બી.એસ. ભાટિયા, બેંક કર્મચારીઓના નેતા એસ.એ.કાદરી, વિવિધ ચેનલોના વરિષ્ઠ નિર્માતાઓ, પ્રતિનિધિઓ, અધ્યાપકો, વરિષ્ઠ પત્રકારો વગેરે હાજર રહ્યા હતા.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ બે દિવસીય વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ડિપ્લોમા કોર્સ બાપુ ગુજરાત નોલેજ કેમ્પસ ની સંસ્થાઓમાં ૨૦૧૩ થી કાર્યરત છે.

સંસ્થાની ડિગ્રી કોલેજની સાથે સાથે ડિપ્લોમા કોલેજ પણ સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે કટિબંધ છે. આ સંદર્ભે તારીખ ૧૨.૦૩.૨૦૨૦ થી ૧૩.૦૩.૨૦૨૦ દરમ્યાન ડિપ્લોમા કોલેજના ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ અને સીવીલ ડિપ્લોમા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ઓટોકેડ સોફ્ટવેરની ઝીણવટ ભરી સમજ માટેના હેતુ થી બે દિવસીય વર્કશોપનું આયોજન થયું હતું.

આ વર્કશોપમાં સીમેંટ્રિક સોલ્યુશન, ગાંધીનગરના શ્રી હર્ષિલ શાહ અને શ્રી હર્ષિત અપાનીએ ઓટોકેડ સોફ્ટવેરના અલગ અલગ ઉપયોગો જેવાકે થ્રી-ડી પ્લાન, ટુ-ડી પ્લાન, મશીન ડીઝાઈન, સર્કીટ ડીઝાઈન વગેરેની માહિતી લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા પૂરી પાડેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો. મિત્તલ પટેલ, પ્રો. આસિત મિસ્ત્રી અને પ્રો. ભાવેશ પારેખે સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ પ્રો. ખાલીદ સિદ્દીકીના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ દર વર્ષે ૮મી માર્ચે મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિના મહત્વ તરીકે ઉજવવામાં આવતો હોય છે. એ નિમિતે ૬ માર્ચ, ૨૦૨૦ના રોજ સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની "વુમન એમ્પાવરમેન્ટ"ની થીમ અંતર્ગત ઉજવણી કરી હતી. જેમાં વક્તૃત્વ સ્પર્ધા, કવિતા લેખન અને સોલો સિંગિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીનીઓ ના આત્મવિશ્વાસ વધારવા માટે કરવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મહિલા સશક્તિકરણને સંબંધિત ધ ગર્લ ચાઈલ્ડ, ધ વુમન ઈન પાવર એન્ડ ડીસીઝન મેકિંગ અને ધ હ્યૂમન રાઈટ્સ ઓફ વુમન જેવા વિષયો ઉપર એમના વિચારો રજૂ કર્યા હતા અને નિરીક્ષકો દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ દિવસનું સફળતાપૂર્વક રાષ્ટ્રગીત સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

ગાંધી ગીતો અને પ્રભાતફેરી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૭

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરા દ્વારા બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિધાપીઠ શતાબ્દી વર્ષના સંદર્ભે ગુજરાત રાજ્ય ઉચ્ચશિક્ષણ વિભાગ, ગાંધીનગર અને ગૂજરાત વિધાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય ગાંધી ગીતો અને પ્રભાતફેરી આયોજન તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં મુખ્ય અતિથી તરીકે ગૂજરાત વિધાપીઠના માનદ નિયામકશ્રી વિસ્તરણ વિભાગ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી હાજર રહ્યા હતા અને અતિથી વિશેષ તરીકે શ્રી રમેશ ભાઈ પટેલ હાજર રહ્યા હતા અન્ય મેહમાન તરીકે તેજસભાઈ ઠાકર અને ડૉ. જગદીશચંદ્ર સાવલિયા હાજર હતા.

જ્યારે નિષ્ણાત તરીકે વિશ્વ લોકપ્રિય ગાંધી કથાના સંગીતના મુખ્ય ગાયકશ્રી ડૉ. નરેન્દ્રભાઈ શાસ્ત્રી અને જગદીશભાઈ પરીખ પણ આ શિબિરમાં પોતાની સેવા આપવાના છે અંદાજીત ૯ યુનિવર્સીટીના ૪૫ વિધાર્થીઓએ આ શિબિરમાં ભાગ લેવાના છે અતિથીઓનું સુતરની આટીથી સ્વાગત ક્રમશઃ વિનેશ મેર, કિંજલ ચુડાસમા,કાજલ પરમાર, પ્રિયંકા ચૌહાણ અને રાહુલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમના આયોજનમાં ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ડૉ. નીરજ સિલાવટ, ડૉ. અરવિંદ રામી અને શ્રી જગદીશભાઈ પટેલની મુખ્ય ભૂમિકા રહી છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૩મી પુણ્યતિથિ અવસરે 'સ્મરાંજલિ' અર્પણ

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૩મી પુણ્યતિથિ અવસરે ધોળકા – કલિકુંડ પાસે આવેલ શ્રી સરવસ્તી વિદ્યા સંકુલ ખાતે લ્સ્મરાંજલિ' અર્પણ થઈ. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, આચાર્યા નીરૂબેન પરમાર, શિક્ષકગણ કલ્પેશભાઈ ઠક્કર, ધર્મેન્દ્રભાઈ પંચાલ, ઈલાબેન, કૈલાસબેન, નીતાબેન, ધર્મિષ્ઠાબેન, દિપાવલીબેન, નિકિતાબેન, ધ્વનિબેન તથા ધોરણ ૯-૧૧ની ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓની ઉપસ્થિતિ રહી હતી.

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી જીવન-કાર્યમાંથી વિશ્વભરમાં વસતાં દરેક ગુજરાતી પ્રેરિત થાય છે. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં એમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં, અજરામર રેહશે તેવી સહુએ ભાવાંજલિ અર્પણ કરી હતી. વિદ્યાર્થીનીઓએ મેઘાણી-ગીતોનું સમુહ-ગાન કર્યું હતું. પિનાકી મેઘાણી, આચાર્યા નીરૂબેન પરમાર, શિક્ષકો કલ્પેશભાઈ ઠક્કર અને ધર્મેન્દ્રભાઈ પંચાલે વિદ્યાર્થીનીઓ સાથે જ્ઞાન-ગોષ્ઠિ કરી હતી. ઝવેરચંદ મેઘાણીના જીવનમાંથી પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. જૈનાચાર્ય પૂ. રાજયશસૂરીશ્વરજી મ.સા.ની ૭૫મી જન્મજયંતી વર્ષ (અહિંસા અમૃત વર્ષ) અંતર્ગત અહિંસા, ભ્રૂણહત્યા વિરોધ, શાકાહાર, પશુબલિ નિવારણ જેવા વિષયોને સાંકળીને વિદ્યાર્થીનીઓ દ્વારા સામૂહિક નિબંધ લેખન-વાંચન પણ કરાયું હતું. ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા આ શાળા-પરિવાર સાથે સંકળાયેલા છે.

સમર્પણ પબ્લિક સ્કૂલમાં કાવ્યપઠનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

સમર્પણ પબ્લિક સ્કુલ દ્વારા ૧૧મી માર્ચે, કાવ્યપઠનનું આયોજન કરેલ હતું.

આ કાર્યક્રમમાં આચાર્યશ્રી નિધિ શર્મા મેમની ઉપસ્થિતિમાં પ્રોગ્રામ કો-ઓડીનેટર નિલેશ ચૌહાણ સરે ગુજરાતી, હિંદી,અંગ્રેજી ત્રણેય ભાષામા કાવ્યપઠન કેવી રીતે કરવું તેનુ જ્ઞાન આપ્યું હતું.

જેમાં કાવ્યની શરૂઆત કેવી રીતે કરવી,તેના શબ્દો સ્પષ્ટ રાખવામાં શૂર-તાલ સ્પષ્ટ અને યોગ્ય રાખવો,ક્યારે શૂર નીચે ઉપર કરવો વગેરે બાબતોનું ગ્યાન આપ્યું હતું. વિદ્યાર્થીઓને આ પ્રોગ્રામમાં રસપૂર્વક ધ્યાન આપી કાવ્યપઠનનું જ્ઞાન મેળવ્યું.આ રીતે કાર્યકર્મની પૂર્ણાહુતિ થઈ.

કોરોના કવિ સંમેલન

શબ્દશ્રી આયોજિત 'ક્રિએટીવ કાફે'માં કોરોના કવિસંમેલનનું આયોજન થયું હતું. સમગ્ર વિશ્વ જેના કારણે થંભી ગયું છે એ મહામારી સંદર્ભે સજ્જતા કેળવાય એ માટે કવિઓએ પોતાનું યોગદાન આપ્યું હતું. જેમાં અનેક નામી અને નવોદિત કવિઓએ કાવ્યપાઠ કર્યો હતો. પ્રેક્ષકોએ વધાવેલી કેટલીક રચનાઓ અંશ પ્રસ્તુત છે.

પગને માથા પર લઇ રોજે દોડો ના.
શ્વાસોને તો એક ઘડીનો પોરો ના.
માંડ કોઇને મળવાનું સૌભાગ્ય સાંપડયું,
કિસ્મતને મંજૂર હતું લ્યા કોરોના.

- રક્ષા શુકલ

થાય છે બેફામ કોરોના અહીં,
ને વધ્યાં છે ભાવ ચોરોના અહીં.
કાળજી ખુદની જરા રાખો તમે,
સાવ અમથા માસ્ક દોરો ના અહીં.

- જિગર ઠક્કર 'ગઝલનાથ'

આગળથી પણ નીકળ્યો આગળ કોરોના.
હાથ ધોઇને પડતો પાછળ કોરોના.
નાજુક નમણા બાળકનો બસ જીવ કાઢતા,
કેમ થતો ના સ્હેજે વિહવળ કોરોના.

- હરદ્વાર ગોસ્વામી

થઇ ગયા નવરા બધે સૌ કોરોના
છે અજાણ્યા ગૂઢ રહસ્યો કોરોના
તું હવે કુદરતના શરણે જઈશ તો,
ના શકે ફરકી કદી ત્યાં કોરોના

- રમેશ ચૌહાણ

અપંગ માનવ મંડળના સહયોગથી થિયેટર સ્કૂલની છઠી વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૭

ધ અંથિંગ ગ્રુપ જે થિયેટર ક્ષેત્રે વર્ષોથી કાર્યરત છે તે થિયેટર સ્કૂલ એ આ વખતે છઠ્ઠી સીઝનમાં ૨ વર્ષ પુરા કર્યા છે. આ ફ્રી થિયેટર સ્કૂલ માં ધ અંથિંગ ગ્રુપના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ (આનંદ)ના માર્ગ દર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓ છેલ્લી ૬ સીઝન થી નાટક એન્ડ થિયેટરનું જ્ઞાન મેળવી રહ્યા છે.

છેલ્લી ૫ સીઝન ની જેમ જ, તા. ૧ માર્ચ થી ૧૦ માર્ચ ૨૦૨૦, સુધી થિયેટર સ્કૂલ ની છઠ્ઠી સીઝન 'થિયેટર સ્કૂલ વિન્ટર ૨.૦' સફળતા પૂર્વક યોજાઈ અને આની સાથે થિયેટર સ્કૂલ એ સફળતાના ૨ વર્ષ પણ પુરા કર્યા. આ ફ્રી વર્કશોપ અપંગ માનવ મંડળના સહકારથી અપંગ માનવ મંડળ, વસ્ત્રાપુર ખાતે યોજાયો હતો. આ વર્કશોપમાં ૨૨ વિદ્યાર્થીઓ એ જોડાઈને થિયેટરના વિવિધ વિષયોનુ જ્ઞાન લીધું હતું.

વિવિધ વિષયો જેવા કે થિયેટર સંગીત, થિયેટર ક્રાફ્ટ અને કેરેક્ટરાઈઝેશન, અવાજ મોડ્યુલેશન, એક્ટીંગ, ડીરેકશન, થિયેટર જર્ની, ફોક થિયેટર, કોમર્શિયલ થિયેટર અને ઈમપ્રોવાઈઝેશન, વાચીકમ્, થિયેટર ઈન એજયુકેશન, આર્ટિસ્ટ હેલ્થ, પ્રોડકશન, લાઈટસ. આ બધા વિષયોને ભણાવવા નાટક તથા ફિલ્મ ઈંડસ્ટરીના દિગ્ગજ કલાકારો આ થિયેટર સ્કૂલમા આવે છે.

જેમાં રાજૂ બારોટ, કમલ જોશી, હર્ષલ વ્યાસ, સાદીક નૂર પઠાણ,રૂપા મેહતા, અન્નપૂર્ણા શુક્લા, અભય હર્પાલે, વિક્રમ પંચાલ, પ્રિયાંક ઉપાધ્યાય, ગોપાલ બારોટ, કીર્તન ઘારેખાન, મેહુલ પટેલ, પીટર વોલ્ટર, અર્જુન ભગત જેવા મહાનુભાવો જોડાયેલા છે.

આ ૧૧ દિવસની વર્કશોપમા માત્ર અમદાવાદ માથી જ નહીં પરંતુ સુરેન્દ્રનગર, જૂનાગઢ, ભુજ, ભાવનગર જેવા શહેરો માંથી પણ વિદ્યાર્થીઓ આવે છે.

થિયેટર સ્કૂલના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો- ફાઉન્ડર ચિરાગ પારેખ (આનંદ)નો વિચાર એવો હતો કે માત્ર થિયરી જ નહીં પણ પ્રેક્ટિકલ પણ થવું ખૂબ જરૂરી છે. આ વર્કશોપના અગિયારમાં દિવસે વિદ્યાર્થીઓ એ પોતાનું સોલો પર્ફોમન્સ કર્યું હતું. જેમાં બેસ્ટ પર્ફોમન્સનો અવોર્ડ કર્તુમ તેરૈયાને મળ્યો હતો. વર્કશોપના અંતિમ દિવસે બધા વિદ્યાર્થીઓ ને પ્રફુલ પંચાલ અને ચિરાગ પારેખ (આનંદ) દ્વારા સર્ટિફિકેટ આપી પુરસ્કારીત કર્યા. સાથે જ વિદ્યાર્થીઓની ડિસિપ્લિન, કાર્યક્ષમતા, ધગશ, એક્ટિવનેસ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને બેસ્ટ સ્ટુડન્ટ નો અવોર્ડ આપી સન્માનિત કર્યા.

વિદ્યાર્થીઓ એ આખી વર્કશોપ નો ક્રિએટિવ રિપોર્ટ તૈયાર કરવાનો હતો ત્યારે બેસ્ટ રિપોર્ટનો અવાર્ડ મહેન્દ્ર ગેલાતર ને મળયો હતો. વર્કશોપ વિશે બેસ્ટ વિડીઓ બાઈટનો અવાર્ડ શિવાની મિસ્ત્રીને મળ્યો હતો. આ વર્કશોપને સફળ બનાવવા મેનેજમેંટ ટીમના મેમ્બર્સ મા ચિરાગ, શિવમ, દીપ, મૈત્રી, કેયુંર, વંદના બેન, અર્જુન, બિપીન, નિતીન, જય, અક્ષત, શાન હતા. બેસ્ટ મેનેજમેંટ નો અવાર્ડ બિપીન રાઠોડને મળ્યો હતો. અપંગ માનવ મંડળના સહકારથી તથા પ્રફુલ પંચાલ અને ચિરાગ પારેખ (આનંદ)ના નેજા હેઠળ, ૨૨ વિદ્યાર્થીઓ સાથે આ વર્કશોપ એ સફળતા ના ૨ વર્ષ પૂર્ણ કર્યા.

ડાયરેક્ટ સે

જિંદગી ક્યારેક એવા પાના પણ ઉથલાવે છે...

જે પાના આપણે જાણી જોઈને ફેરવી નાખ્યા હોય છે...

જન્મદિને વધામણી



કનુભાઈ પંચાલ

માયા બારોટ
પ્રેસ રિપોર્ટર,
ધરતીના લાલ

યશ્વી કે ચૌહાણ
મો. ૯૭૧૨૭ ૩૩૧૬

યુવરાજ
દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭



હેતાંશ અંકિતકુમાર
લાલવાણી

પાહી ડી પરમાર

પાવી ડી પરમાર

ધનરાજસિંહ
કરણસિંહ બિહોલા